# ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવા માટે પહેલાં ધર્મસત્તાની સ્થાપના જરૂરી

**હિન્દુ ધર્મસત્તા મહાકુંભમાં મોટી સંખ્યામાં સાધુ-સંતો અને વિશાળ જનમેદની ઉમટી : ગુરૂ વંદના મંચના અધ્યક્ષ ડી. જી. વણઝારાએ હિન્દુઓને પંથ-સંપ્રદાય-જ્ઞાતિ-જાતિના વાડામાંથી બહાર આવીને પોતાના અસ્તિત્વ અને અધિકાર માટે જાગૃત થવા માટે હાકલ કરી : ભારતમાં રાજસત્તા સાથે ધર્મસત્તા હોવી જોઈએ જે ભારતીય સંસ્કૃતિની મૂળભૂત વ્યવસ્થા હતી**

ગાંધીનગર તા. ૨૩

ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવા માટે પહેલાં ધર્મસત્તાની સ્થાપના જરૂરી છે તેવું જણાવતાં હિન્દુ ધર્મસત્તા મહાકુંભના મંચ પરથી ગુરૂ વંદના મંચના અધ્યક્ષ ડી. જી. વણઝારાએ હિન્દુઓને પંથ-સંપ્રદાય-જ્ઞાતિ-જાતિના વાડામાંથી બહાર આવીને પોતાના અસ્તિત્વ અને અધિકાર માટે જાગૃત થવા માટે હાકલ કરી હતી. આ સાથે ગાંધીનગરના સેક્ટર-૨૮માં સમર્પણ પબ્લિક સ્કૂલના ગ્રાઉન્ડ પર યોજાયેલા હિન્દુ ધર્મસત્તા મહાકુંભમાં ખૂબ મોટી સંખ્યામાં વિવિધ પંથ-સંપ્રદાયના હિન્દુ સાધુ-સંતો અને વિશાળ સંખ્યામાં જનમેદની ઉમટી હતી. ડી. જી. વણઝારાએ આ જનમેદનીને એક નવી ક્રાન્તિની શરૂઆત ગણાવી હતી.





હિન્દુ ધર્મસત્તા મહાકુંભને સંબોધતા ડી. જી. વણઝારાએ જણાવ્યું હતું કે "આપણા દેશમાં હજારો વર્ષોથી વિશ્વશાંતિ, વિશ્વકલ્યાણ, માનવતાવાદ અને સહઅસ્તિત્વ જેવા આધ્યાત્મિક અને નૈતિકમુલ્યો આધારિત સમાજ અને રાજ્યવ્યવસ્થા રહેલી છે. ભારતમાં આદિ - અનાદિ કાળથી ધર્મસત્તા અને રાજસત્તા હંમેશાં સાથે રહેલા છે. આવી ધર્મસત્તા અને રાજયસત્તા આધારિત સમાજવ્યવસ્થા સતયુગથી શરૂ કરી આઝાદી સુધી ઓછાવત્તા પ્રમાણમાં આપણા દેશમાં અમલમાં રહી હતી. ૧૯૫૦માં ભારતનું નવું બંધારણ અમલમાં આવ્યું. આ વખતે ભારતના નાનાં - મોટા ૫૬૨ જેટલાં રજવાડાઓનું વિલીનીકરણ થતાં રાજાઓની રાજસત્તાઓ ગઈ અને સમાજની લોકસત્તા અમલમાં આવતાં ભુતપૂર્વ રાજાઓ રાતો રાત સામાન્ય નાગરિક બની ગયા તે સાથે જ સનાતન ધર્મના ધર્મગુરૂઓની ધર્મસત્તાનો પણ છેદ ઉડી ગયો તેમજ આધુનિક વ્યવસ્થામાં તેમનું સ્થાન અને ભુમિકા પણ ધીરે ધીરે ચાલ્યા ગયા પરંતુ લોકહૃદયમાં તેમનું સ્થાન યથાવત ચાલુ રહેતાં ધર્મગુરૂઓને આની ખબર પડી નહીં પરંતુ સચ્ચાઈ એ છે કે આપણાં હિન્દુસંતો રાષ્ટ્ર નિર્માણમાં અને સમાજ વ્યવસ્થામાં તેમનું સ્થાન અને ભુમિકા દિન - પ્રતિદિન ગુમાવતા જાય છે. એટલું જ નહિ, એમની વિટંબણાઓમાં વધારો થતો જાય છે. આનાથી વિપરીત દુનિયાભરમાં ધર્મનિરપેક્ષતાનો ઢોલ વગાડતાં વિર્ધમીઓએ ચાલાકી પૂર્વક તેમની ધર્મસત્તાઓ ચાલુ રાખી છે. છેલ્લા ૭૫ વર્ષથી "ધર્મ નિરપેક્ષતા"ના ઓથા નીચે ભારતને આ અધિકારથી વંચિત રાખવામાં આવ્યો છે, ગમે તેમ કરી આ દેશને ધર્મવિહીન અર્થાત્ નીતિ વિહીન રાખવામાં આવેલ છે. આજે એક અબજ કરતાં વધારે હિન્દુઓ ધરતી પર રહે છે પણ તેમની પાસે કોઈ ધર્મસત્તા નથી, તેમની પાસે પોતાનો કોઈ દેશ નથી કે પોતાની રાજસત્તા નથી કેમ કે ભારત અને ભારતની રાજસત્તા બંને ધર્મ નિરપેક્ષ છે.

છેલ્લા ૭૫ વર્ષમાં પુર્વોત્તરનાં ૩ રાજ્યો ખ્રિસ્તી બહુમતી રાજ્યો બની ગયા છે જેમાં લઘુમતી હિન્દુઓને જીવવુ મુશ્કેલ પડી રહ્યું છે. કાશ્મીર, પ.બંગાળ અને કેરાલાના હિન્દુઓની બેહાલીથી આપણે વાકેફ છીએ. એક અનુભવ સિધ્ધ સત્ય છે કે ભારતવર્ષના જે ભૂ - ભાગમાં હિન્દુઓની સંખ્યા ઓછી થઈ છે તે ભૂભાગ આપણાથી છૂટા પડી અલગ દેશ બની ગયા છે. એક સમયે અફઘાનિસ્તાનથી ઈન્ડોનેશિયા સુધી બૃહદ ભારત ગણાતો હતો તેમાંથી ટુકડા થઈ ૧૭ અલગ દેશ થઈ ગયા. આવા કેટલાંક દેશ તો આપણા કટ્ટર દુશ્મન પણ બની ગયાં છે. આપણે હજુ સુધી હિન્દુ રાષ્ટ્રીય અસ્મિતાનું નિર્માણ કરી શક્યા નથી કે કોમન સીવીલ કોડનો અમલ કરી શક્યા નથી કે ભારતને હિન્દુ રાષ્ટ્ર ઘોષિત કરી શક્યા નથી. ઉલ્ટું અત્યારે હિન્દુ સમાજ ૨૦ હજાર જેટલાં વિવિધ મત - પંથ - સંપ્રદાયમાં ઉભો વેતરાઈ ગયો છે અને ૩૦ હજાર જેટલી જ્ઞાતિઓના વાડામાં આડો વેતરાઈ ગયો છે. રાજસત્તા દ્વારા વિવિધ કાયદાઓ ઘડી સ્થિતિ સુધારવા પ્રયત્નો થતા હોવા છતાં ૭૫ વર્ષ પછી પણ દિન - પ્રતિદિન સ્થિતિ બગડતી જાય છે. દેશને સંપ્રદાયવાદ અને જાતિવાદનાં વિષચક્રમાંથી મુક્ત કરવાનો ઈલાજ પણ ધર્મસત્તા પાસે જ છે. આજે ગુજરાતમાં કાર્યરત તમામ મત, પંથ, સંપ્રદાયોના સાધુ, સંત, મહાત્માઓએ " ગુરૂ વંદના મંચ "ના નેજા નીચે પ્રચંડ એકતાના દર્શન કરાવ્યા છે જે એક નવી ક્રાન્તિ છે અને આ ક્રાન્તિ ભારતમાં ધર્મસત્તાની સ્થાપના તરફ દોરી જશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હજુ સરકાર વધુ છુટછાટ આપે... દંડની રકમ ઓછી કરે પછી જ કામ વધે એવું લાગે છે...!!

## લોનના બાકી હપ્તા અંગે નોટીસ લગાડવા જતા બાકીદારે ધોલાઈ કરી

ગાંધીનગર નજીકના સરદાર પટેલ રીંગ રોડ પરની બાલાજી અગોરા રેસીડેન્સીમાં લોન બાકીદારના ઘરે નોટીસ લગાડવા ગયેલા ખાનગી બેંકના બે કર્મચારીઓની બાકીદારે ધોલાઈ કરી હતી. બેંક કર્મચારીએ અડાલજ પોલીસ સ્ટેશને લોન બાકીદાર તથા તેના ભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંદાવી છે.

અમદાવાદમાં ટાઉનહોલ સામે સાકાર-૪ માં બંધન બેંકમાં નોકરી કરતા કમલેશ મનુભા સીસોદિયા તેમના એરિયા રીકવરી ઓફિસર રેટ્રીક સિલવાન ગોહિલ અને નોટીસ પેન્ટ કરનાર પેઈન્ટર મિતેશભાઈ પટેલ સાથે બાલાજી અગોરા રેસીડેન્સીના ફ્લેટ નં. ૩-બી-૬ ખાતે બેંકના લોન બાકીદાર નિલેશભાઈ સુભાષભાઈ વણઝારાના ઘરે નોટીસ લગાડવા તા. ૨૧મી ડિસેમ્બરે પહોંચ્યા હતા. નિલેશભાઈ વણઝારાએ બેંકમાંથી રૂ. ૫.૫ લાખની હોમ લોન લીધી હતી જેના હપ્તા બાકી હતા અને નિયમિત ભરતા નહોતા તેવિ ફરિયાદમાં જણાવતા કમલેશ સિસોદિયાએ લખાવ્યું છે કે તેઓ જ્યારે ફ્લેટના દરવાજે પહોંચી પેન્ટર મિતેશભાઈ નોટીસ લગાડી રહ્યા હતા ત્યારે મિતેશભાઈ તથા તેમના આ બાકીદાર ભાઈ નિતેશભાઈ વણઝારાએ ઘરની બહાર આવી તેમની સાથે ગાળો બોલી માર માર્યો હતો. વચ્ચે પડેલા રેટ્રીક સાથે પણ ઝપાઝપી કરી હતી અને ફરી વસુલાત કરવા આવ્યા તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી જે અંગે કનુભા સિસોદિયાએ અડાલજ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.



ફૂડ ઈન્ડસ્ટ્રી ક્ષેત્રના સૌથી મોટા પ્રદર્શન ખાદ્ય ખોરાકનું આયોજન હેલીપેડ ખાતે થયુ હતુ. ગાંધીનગરના જાણીતા કુકીંગ એક્સપર્ટ કનિનીકા મહેતાએ આ પ્રદર્શનમાં ભાગ લઈ આઠ ફૂટ ઉંચી કેકનું નિદર્શન કર્યુ હતુ. આ ઉપરાંત અહીં યોજાયેલી ફૂડ કોમ્પિટીશનમાં વિજેતા થયેલા પ્રતિયોગીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. ખાદ્ય ખોરાક પ્રદર્શનનું આયોજન પ્રકાશકુમાર મહેતા તથા હિમાચલ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ખૂણેખાંચરેથી

- દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડની ગાડીને દહેગામમાં જ અકસ્માત નડ્યો છે. ગાડીને નુકશાન થયુ છે પણ કોઈને ઈજા થઈ નથી.
- દહેગામ તાલુકાના ધારીસણા ગામમાં મુસ્લિમ સમાજ દ્વારા સરપંચ ભરતભાઈ દેસાઈનો સન્માન સમારોહ યોજાયો.
- ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની નબળી કામગીરીને લઈ જિલ્લાના અધિકારીઓના ખુલાસા પુછવામાં આવ્યાનુ જાણવા મળેલ છે.
- ગાંધીનગર મેડીકલ કોલેજના માઈક્રો બાયોલોજી વિભાગના વડા ડૉ. સીમાબેન ભટ્ટની બઢતી સાથે બદલી થતાં તેમને આજે ભાવભીની વિદાય આપવામાં આવી હતી અને હવે વિભાગનો ચાર્જ ડૉ. ગૌરીશંકર શ્રીમાળીને સોંપવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી અને બે દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.
- મનપાના વિપક્ષના પૂર્વ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજે તેમનો જન્મદિવસ અત્યંત સાદગીથી પરિવાર સાથે મનાવ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં ક્રિસમસની ઉજવણી માટેની તૈયારીઓ આરંભાઈ છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનામાં અગાઉ પોઝીટીવ આવેલા બે દર્દીઓ અંદરના દર્દી તરીકે દાખલ થયા છે.

## મનપાના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં વસાહત મહામંડળનું ધાબળા વિતરણ

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેષ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશુભાઈ પટેલ સહિત પદાધિકારીઓની ઉપસ્થિતિમાં શહેર વસાહત મહામંડળ દ્વારા શિયાળાની કડકડતી ઠંડીમાં શહેરને સ્વચ્છ રાખવાનું કાર્ય કરતાં શ્રમિકોને ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ સહિત અગ્રણીઓ શશીકાંત મોઢા, મનોજભાઈ શુકલ, દિનેશસિંહ ચાવડા, ભાનુભાઈ દવે, નિસર્ગ બુચ તથા પ્રદિપભાઈ સોલંકી જોડાયાં હતા. આ ઉપરાંત પી.ડી. પટેલ, કિશોરભાઈ જીકાદરા અને જીલુભા ધાંધલ દ્વારા સે. ૩૦ મુક્તિધામ સ્મશાન અને ડમ્પીંગ સાઈટના કર્મચારી સ્ટાફને ધાબળા વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવ્યું હતું કે "વસાહત મહામંડળ દ્વારા વર્ષ-૧૯૯૧થી ગરમ વસ્ત્રોની વિતરણ સેવા આપવામાં આવે છે અને અત્યાર સુધીમાં ૧,૭૬,૦૦૦ જેટલાં ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવી ચુક્યું છે. વસાહત મહામંડળ દ્વારા જરૂરિયાતમંદોને હૂંફ પુરી પાડવાનું આ સેવા અભિયાન હજુ પણ ચાલુ રાખવામાં આવશે.



શિયાળો જામ્યો છે ત્યારે શ્રમજીવી અને ગરીબોને ઠંડીથી બચવા માટે ધાબળાઓનું વિતરણ સેવાભાવીઓ દ્વારા થઈ રહ્યું છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ શ્રી અરુણ બુચ, મેયર, ડેપ્યુટી મેયર તથા સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેને મુકિતધામ ખાતે ધાબળાઓનું વિતરણ કર્યું હતું.

## "આંત્રપેન્યોર સ્કિલ ડેવલોપમેન્ટ" વિષય પર બીબીએ કૉલેજ દ્વારા વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે પ્રથમવર્ષના ૧૪૦ વિદ્યાર્થીઓ અલગ અલગ સમયે ઓનલાઈન તાલીમ માટે જોડાયા હતા. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ તેમજ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા સમગ્ર સંકલન કરવામાં આવ્યું હતું. આજના તજજ્ઞ વક્તા ખૂબ શિક્ષણ ક્ષેત્રે અનુભવી એવા ડો.એન. એન.જાની દ્વારા વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી ઘડવા માટે ઉપરોક્ત વિષય પર માર્ગદર્શિત કર્યા હતા. જેમાં મેનેજમેંટના સિદ્ધાંતો તેમજ કોલેજ દ્વારા કરાવવામાં આવતી ઈંટર્નશિપ વગેરે બાબતે માર્ગદર્શિત કર્યા હતા. વિદ્યાર્થીઓને સ્કીલ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વિવિધ ઉદાહરણો તેમજ તેમના સ્વાનુભવથી સરળ તેમજ સફળ ટીપ્સ આપી હતી. વિદ્યાર્થીઓને મેનેજમેંટનું મહત્વ તેમજ મેનેજમેંટમાં કરવા પડતાં જરૂરી ફેરફાર અને તે બાબતે આવતા વિવિધ પ્રોબ્લેમના સોલ્યુશન માટે ખૂબ મહત્વપૂર્ણ સૂચનો આપ્યા હતા. સફળ મેનેજમેંટ માટે ટીમમાં કામ કરતી વખતે દરેકસભ્યને ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ બાબતે તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. મેનેજમેંટના વિદ્યાર્થીઓને શું ધ્યાનમાં રાખવું કઈ બાબતે યોગ્ય સાવધાનીઓ રાખવી વગેરે બાબતે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેઓ એ વ્યક્તિની ક્ષમતાઓ અને તેના આધારે સમસ્યાનું યોગ્ય વિશ્લેષણ કરવા પર ભાર મૂક્યો હતો. આમ આજના વર્કશોપમાં વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહ થી જોડાયા હતા તેમજ પ્રશ્નોત્તરી દ્વારા પોતાના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ પણ મેળવ્યું હતું.

## માતા-પુત્ર નાતાલનું ચિત્ર દોરવા પડોશમાં ગયાને ઘરમાં ચોર ઘુસ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સેક્ટર-૭માં એક પોલીસકર્મીના ઘરે રાત્રે દસ વાગ્યાના સુમારે જ્યારે ઘરના સભ્યો પડોશમાં ગયા હતા ત્યારે ઘરનો દરવાજો તોડીને લેપટોપ તથા એક હજાર રૂપિયા રોકડાની ચોરી કરીને ધાબે સંતાઈ ગયેલો ઘરફોડ ચોર ઝડપાઈ જતા પોલીસકર્મીની પત્નિએ પડોશીઓની મદદથી પોલીસના હવાલે કર્યો હતો.


શહેરના સે. ૭માં અજીતરામ મંછારામ મેસવાણીયા જે એસઆરપી ગૃપ-૧૨માં કોન્સ્ટેબલ તરીકે નોકરી કરે છે તેઓ ચારેક દિવસથી બંદોબસ્તમાં ગયાં હતા ત્યારે તેમના સે. ૭ના જ-ટાઈપમાં બ્લોક નં. ૧૦૬/૭ ખાતેના નિવાસસ્થાને ઘરફોડના પ્રયાસની ઘટના બની હતી. ગઈકાલે રાત્રે આશરે પોણા દસ વાગે અજીતરામના પત્નિ પારૂલબેન તેમના આઠ વર્ષના દિકરા પાર્થને સ્કૂલમાંથી નાતાલ અંગેનું ચિત્ર દોરવાનું હોવાથી ઘરને તાળુ મારીને પડોશમાં લઈને ગયા હતા. તેઓ જ્યારે પરત ફર્યા ત્યારે ઘરનું તાળુ તુટેલુ હતુ અને સામાન વેરવિખેર હોવા સાથે એક આસુસ કંપનીનું રૂ. ૨૦ હજારની કિંમતનું લેપટોપ તથા દરવાજા પાછળ લટકાવેલા પર્સમાંથી રૂ. ૧ હજાર રોકડાં ગાયબ હતા. આ બાબતે તેમણે બુમાબુમ કરી પડોશીઓને એકઠાં કર્યા અને પોતાના નાનાભાઈ દેવેન્દ્ર સાધુને ફોન કરી બોલાવી લેતાં તમામે આસપાસમાં ચોરની તપાસ આદરી હતી. આ દરમ્યાન કોઈએ જોયું કે મકાનના ધાબા પર કોઈ ઈસમ સંતાયેલો છે તેથી તપાસ કરતાં ધાબાને અડીને લીમડાના ઝાડ પર એક વ્યક્તિ હતો જેને જોઈને ચોર-ચોરની બુમાબુમ કરતાં તેણે ભાગવાના પ્રયાસમાં ઝાડ પરથી કુદકો મારી નીચે ઉતર્યો હતો. આ વ્યક્તિને ઝડપી લઈને તેની પાસેથી લેપટોપ તથા રોકડ કબ્જે કરી હતી અને તેની પુછપરછ કરતાં તે જુની પ્રેસ પાસેના રફીકભાઈના ગલ્લાની બાજુમાં છાપરામાં રહેતો પપ્પુભાઈ બાબુભાઈ સલાટ નામનો વ્યક્તિ હતો જેને પારૂલબેન તથા પડોશીઓએ મળીને સે. ૭ પોલીસ સ્ટેશન લઈ જઈ પોલીસના હવાલે કરી દીધો હતો.

## PMJAY પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના નવા કાર્ડની પ્રક્રિયા અઠવાડિયાથી બંધ

ગાંધીનગર, તા. ૨૩

ભારત સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના બનાવવામાં આવી છે. આ આરોગ્ય યોજનાને આયુષ્યમાન ભારત યોજના તરીકે ઓળખવામાં આવે છે. સ્નછરૂની શરૂઆત ૧૫ ઓગષ્ટ-૨૦૧૮ના રોજ કરી હતી. આયુષ્યમાન ભારત યોજના હેઠળ લાભાર્થી પરિવારોને સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં તદન મફત સારવાર મળે છે. જેના માટે આયુષ્યમાન મા કાર્ડ કઢાવવામાં આવે છે. આ કાર્ડ હોય તેઓને જ આ યોજનાનો લાભ મળતો હોય છે. ત્યારે મળતી માહિતી મુજબ PMJAY પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના નવા કાર્ડની પ્રક્રિયા અઠવાડિયાથી બંધ થઈ ગઈ છે.

જેથી નાગરિકોને મુશ્કેલીઓ પડી રહી છે. ૬૦ વર્ષથી વધુ ઉમંરના તથા મા કાર્ડની મુદત પૂર્ણ થઈ હોય તેવા કાર્ડધારકો છેલ્લા એક અઠવાડિયાથી સે. ૧૬ તાલુકા આરોગ્ય કચેરીમાં PMJAY કાર્ડ કઢાવવા માટે ધક્કા ખાઈ રહ્યા છે. તથા છેલ્લા ૧૦ દિવસથી નવા PMJAY કાર્ડ કઢાવ્યા હોય અને નિયત કાર્યવાહી પૂર્ણ થયેલ હોય તેમને પણ કાર્ડ આપવામાં આવ્યા નથી. વધુમાં એવી માહિતી મળી હતી કે PMJAY કાર્ડ બનાવનાર એજન્સીના કર્મચારીઓને પગાર ન મળવાને કારણે હડતાલ ઉપર છે. તેથી મા કાર્ડની મુદત પૂરી થયેલ કાર્ડધારકો તથા સીનિયર સીટીજનોને નવા કાર્ડ કઢાવવામાં રોજેરોજના ધક્કા ખાવાનો વારો આવે છે. તેથી આ નાગરિકોએ માંગ કરી છે કે કાર્ડ બનાવવાની પ્રક્રિયામાં વધુ સમય જાય તેમ હોય તો તાત્કાલિક ધોરણે કામચલાઉ કાગળ પર ટાઈપ થયેલાં કાર્ડ આપવા જોઈએ. આ અંગે તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવા સાંકાભાઈ જે. પટેલ (ભારતીય નાગરિક હીત રક્ષક સમિત, પ્રમુખ) દ્વારા માંગ કરવામાં આવી છે.




આઝાદી કા અમૃત મહોત્સવ પર્વની અનોખી ઉજવણી : પોષ્ટલ સર્વિસ દ્વારા અમૃત મહોત્સવ પર્વની ઉજવણીને લઈ પોસ્ટકાર્ડ લેખન સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ. ગાંધીનગર શહેરની સે. ૨૮, ઈન્દ્રોડા પ્રા. શાળા તેમજ બોરીજ પ્રા. શાળાના ૧૫૦ જેટલા બાળકોએ આ પોષ્ટકાર્ડ લેખન સ્પર્ધામાં ભાગ લીધો હતો. પોષ્ટકાર્ડ એક તબક્કે સંદેશા વ્યવહારનું મહત્વનું સાધન ગણાતુ હતુ પરંતુ ટેકનોલોજીના યુગમાં તે વિસરાઈ રહ્યા છે. પોષ્ટકાર્ડથી પત્રમિત્ર બનાવવાનો પણ એક સમયે ક્રેઝ હતો. ખેર જવાદો વાત એ નથી પરંતુ પોષ્ટકાર્ડ લેખન સ્પર્ધામાં "૨૦૪૭નું ભારત" અને અન્ય એક વિષય સ્વાતંત્ર્ય ચળવળનો હતો. બાળકોએ હોંશથી આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આઝાદી કા અમૃત મહોત્સવ પર્વ નિમિત્તે હાલરડા લેખન સ્પર્ધાનું પણ આયોજન કરાયાનું જાણવા મળેલ છે.

**નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં. ૦૪ વર્ષ ૨૦૨૧-૨૦૨૨**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ (ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬)ની કચેરી દ્વારા ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી ચાર કામો માટે ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ. ૬.૬૧ લાખથી રૂ. ૨૨.૭૦ લાખ સુધીની છે. કામની વિગત નીચે મુજબ છે.

(૧) ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ www.nwr.nprocure.com ઉપરથી તા. ૨૪/૧૨/૨૦૨૧ થી તા. ૭/૧/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે.
(૨) ટેન્ડર ડોક્યુમેન્ટ, ટેન્ડર ફી, સોલવંશી ઓછામાં ઓછી ટેન્ડર રકમના ૨૦% કેલેન્ડર વર્ષ-૨૦૨૧ની અને ઈ.એમ.ડી. (ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખથી ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની 'કાર્યપાલક ઈજનેર, કાંસ વિભાગ, ગાંધીનગર'ના નામની અવશ્ય જોડવી) રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી તા. ૧૦/૧/૨૦૨૨ થી તા. ૧૫/૧/૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.
(૩) પ્રાયરમી બીડ ઓપનીંગ તા. ૧૭/૧/૨૦૨૨ના રોજ ૧૨.૦૦ કલાક અને પ્રાઈસ બીડ ઓપનીંગ તા. ૧૭/૧/૨૦૨૨ના રોજ ૧૨.૩૦ કલાકે ખોલવામાં આવશે. (જો શક્ય હશે તો) (ફક્ત ક્વોલીફાય થયેલ બીડરો માટે).
વધુ માહિતી વેબસાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે.

કવર પર કામનું નામ તથા ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનો રહેશે.

માહિતી/૧૭૬૨/૨૧-૨૨

**મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૧૨/૧૧/૨૦૨૧**
**જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**
**જિલ્લા : મહેસાણા**
**ક્રમાંક : અમ/૨૦૨૧/૫૪૬/જમહ/૧૪૨૦૨૧/૨૦૬૭/ઘ**

આ સાથે અનુસુચિમાં દર્શાવવામાં આવેલ મોજે, શેખપુર (વડ) જિ. મહેસાણાની જમીનનો જાહેર હેતુ માટે એટલે કે, જિલ્લા પંચાયત મહેસાણા દ્વારા ગુંજા - શેખપુર રોડના કામે જરૂર પડવા સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. તેથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) જેનો આમા હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે.)ની કલમ ૨ (૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકારો અન્વયે ગુજરાત સરકાર ઉક્ત જમીનનો રોડના જાહેર હેતુ માટે કાયદા અનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨. હવે જ્યારે ઉક્ત અનુસુચિતમાં જમીનમાં સુચિત રોડ માટે જમીન સંપાદનની દરખાસ્ત રજૂ થયેલ છે. ત્યારે આ રોડ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસુચિ મુજબનો કુલ વિસ્તાર હે.આરે.ચો.મી. ૦-૮૮-૮૨ તે મહેસાણા જિલ્લાની હદમાં આવે છે.

૩. હવે જ્યારે ઉક્ત રોડ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૮૮-૮૨ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ ૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

૪. તેથી સદરહુ અધિનિયમની કલમ ૧૦ (એ) જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ૧૨મો)ની કલમ-૩થી દાખલ કરેલ.)થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં કાર્યપાલક ઈજનેરશ્રી મા. અને મ. વિભાગ, (પંચાયત) જિલ્લા પંચાયત મહેસાણાના ગુંજા-શેખપુર રોડ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસુચિમાં સમાવિષ્ટ થયેલ હે.આરે.ચો.મી. ૦-૮૮-૮૨ જમીનને 'સદરહુ અધિનિયમ'ના પ્રકરણ ૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

**અનુસુચિ**

જિલ્લો : મહેસાણા — તા.: વડનગર — ગામ : શેખપુર (વડ)

| ક્રમ નં. | સર્વે / બ્લોક નંબર નવા / જુના | સંપાદન થતી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | જે જાહેર હેતુ માટે જરૂરી છે તે જાહેર હેતુ |
|---|---|---|---|
| ૧ | ૨૦ (૧૫૨) | ૦-૦૩-૪૬ | મોજે શેખપુર (વડ), તા. વડનગર જિ. મહેસાણા ગુંજા - શેખપુર રોડ જિલ્લા પંચાયત મહેસાણાના કામે. કાયમી વળતર કેસ નં. ૦૧/૨૦૨૧ |
| ૨ | ૫૯ (૧૭૮/૧) | ૦-૦૪-૨૮ | |
| ૩ | ૬૦ (૧૭૮/૨) | ૦-૦૨-૩૫ | |
| ૪ | ૬૧ (૧૭૯) | ૦-૦૩-૨૦ | |
| ૫ | ૭૨ (૧૮૦) | ૦-૦૪-૨૬ | |
| ૬ | ૭૪ (૧૮૧) | ૦-૦૩-૭૮ | |
| ૭ | ૬૯, ૬૯પૈ ૧, ૬૯પૈ ૨ (૧૮૯) | ૦-૦૭-૯૮ | |
| ૮ | ૬૩ (૧૯૦) | ૦-૧૩-૦૦ | |
| ૯ | ..... (૧૯૬) | ૦-૦૩-૪૮ | |
| ૧૦ | ૬૮ (૧૯૭) | ૦-૦૪-૭૧ | |
| ૧૧ | ૯૫ (૧૯૮/૧) | ૦-૧૮-૫૪ | |
| ૧૨ | ૯૪ (૧૯૮/૨ | ૦-૦૫-૩૬ | |
| ૧૩ | ૯૧ (૧૯૮/૩) | ૦-૦૫-૫૦ | |
| ૧૪ | ૮૮, ૮૯, ૯૦ (૧૯૯પૈ) | ૦-૦૮-૯૨ | |
| કુલ | | ૦-૮૮-૮૨ | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામ

સહી/-
ખાસ જમીન સંપાદન અધિકારી નં.૧, મહેસાણા

એચ. જે. રાઠોડ
સરકારના નાયબ સચિવ

ક્રમાંક/નામાનિ/મહે/૩૪૧/૨૦૨૧/૨૨